# શહેરમાં શ્રાવણના સરવરિયા

**ઝરમર ઝરમર વરસાદથી સાંજે વાતાવરણમાં ભીંજારો : દિવસ દરમિયાન બફારા વચ્ચે છુટાછવાયા વિસ્તારમાં વરસાદી છાંટણા**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં આજે સવારથી જ વાદળિયુ વાતાવરણ રહયુ હતુ. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના અંતે સાંજ ઢળતા પુર્વે વરસાદી છાંટણા શરૂ થયા હતા. સાંજ દરમિયાન રીમઝીમ વરસાદ ચાલુ રહયો હતો. જેના લીધે સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. વાતાવરણમાં પણ ભીંજારો પ્રવર્તયો હતો. સાંજના સમયે વરસાદ વરસતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. શ્રાવણમાં સરવરિયા નાંખતા મેઘરાજાએ શહેરમાં ઠંડક પ્રસરાવી હતી.

શહેરમાં ગત સપ્તાહ દરમિયાન ભારે વરસાદના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે લાંબા સમયથી મેઘરાજાની આતુરતા પુર્વક વાટ નિહાળતા નગરજનો અને ખેડુતોમાં પણ હાંશકારો પ્રવર્તયો હતો. બંગાળની ખાડીમાં લો પ્રેશર સર્જાતા ગુજરાત અને દક્ષિણ ગુજરાત સહીત ગુજરાતના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની શકયતા પણ હવામાન વિભાગે વ્યકત કરી છે. જયારે આજે પણ શહેરમાં મોસમનો મિજાજ પણ કાંઈક અલગ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે માત્ર વરસાદી છાંટણા વરસ્યા હતા. જયારે મહત્તમ તાપમાન પણ ૩૨ ડિગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોંધાયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૯ થી ૯૨ ટકા સુધી રહેતા નગરજનોએ બફારો અનુભવ્યો હતો. સાંજના સમયે રીમઝીમ

● અનુસંધાન પાન-૭ પર



# જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી જગતનો તાત આનંદથી ઝુમ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ એકવાર સાર્વત્રિક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદ છવાઈ જવા પામ્યો છે. આ વરસાદ પછી ડાંગર, ગુવાર, દિવેલા તેમજ ફેર-રોપણીના પાકના વાવેતરમાં વેગ આવ્યો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો અને ૪૦ ટકાથી પણ વધુ ઘટ વરસાદની હતી. આજે વહેલી સવારથી જ જે આકાશ વાદળછાયુ હતુ તેણે બપોર પછી ધીમી ધારે વરસવાનું શરૂ કર્યુ હતુ.

આજે દિવસ દરમ્યાન જિલ્લામાં રાત્રિના ૮ સુધીમાં સરેરાશ બે ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ દહેગામમાં દોઢ ઈંચ જેટલો નોંધાયો છે જયારે ગાંધીનગર, માણસા અને કલોલમાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

સાંજે ૬ થી ૮ના ગાળામાં સારો વરસાદ પડવા પામ્યો હતો. આ બે કલાકના ગાળામાં જ દહેગામમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. સાર્વત્રિક વરસાદને કારણે ખેડૂતોમાં આનંદનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

સામાન્યતઃ જિલ્લામાં જુનના અંતિમ સપ્તાહથી વરસાદનું આગમન થતુ હોય છે અને ઓગષ્ટના અંત સુધીમાં તો ૮૦ ટકા સુધીનો વરસાદ નોંધાઈ જતો જણાયો છે. આ વર્ષે ચોમાસાનો પણ મોડો પ્રારંભ થયો છે અને તે ૧૫ જુલાઈ પછી નોંધાયો હતો. જોકે આ પછી વરસાદ રિસામણે ચડ્યો હતો પરંતુ લોકોની ભગવાન પરની શ્રદ્ધા ડગી ન હતી. ખેતીને પણ ભારે નુકશાનનો ભય સેવાઈ રહ્યો હતો ત્યાં જ મેઘરાજાએ તેમના બીજા રાઉન્ડમાં આગમન કરતાં ખેડૂતોએ કાચુ સોનુ વરસ્યુ તેવી લાગણી અનુભવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

### ‘‘શ્રાવણ સુદ સપ્તમી સ્વાતિ ઉગે સુર ડુંગર બાંધો ઝુંપડા પાદર આવે પૂર...’’

વરસાદ અંગે ભડલી કથનમાં કરાયેલી આગાહીઓ આજે પણ સાચી પડતી હોવાનું ખેડૂતો માની રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ માસની અજવાળી સાતમે સૂર્યોદય સમયે સ્વાતિ નક્ષત્ર હોય તો વિપુલ માત્રામાં વરસાદ પડે. સાતમે સ્વાતિ નક્ષત્ર પણ હતુ. સૂર્યોદય સમયે સૂર્યે સિંહ રાશિમાં પ્રસ્થાન કર્યુ હતુ એટલે હવે જેની રાહ જોવાતી હતી એ મેઘરાજા મન મુકીને વરસશે જ એવી વાતો ખેડૂતો પાસેથી સાંભળવા મળી છે.

જોકે આ સાથે કેટલાક ખેડૂતો દ્વારા જ્યોતિષશાસ્ત્રને ટાંકીને એવી વાત કરાઈ હતી ૧૭મી ઓગષ્ટને શુક્રવારે પ્રત્યક્ષ દેવ ભગવાન સૂર્યનારાયણ પ્રાતઃકાળે ૬.૫૦ મિનિટે કર્કરાશિ છોડી પોતાની સ્વગૃહી રાશિ સિંહમાં પ્રવેશ કર્યો છે. એક મહિનાથી સૂર્યમહારાજ રાહુ મહારાજની યુતિમાં હતા. જે ગ્રહણ યોગમાં હતા. હવે સૂર્ય મહારાજ સિંહ રાશિમાં આવ્યા છે એટલે સારો વરસાદ થશે જ.

# ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની પ્રથમ બેઠક ૩૧મીએ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચાયેલી સમિતિઓની પ્રથમ બેઠક ૩૧મી ઓગષ્ટના રોજ યોજાશે.

**અપીલ સમિતિમાં પંચાયત પ્રમુખ હોદ્દાની રૂએ ચેરમેન હોય છે જયારે મહિલા બાળ વિકાસ સમિતિમાં ૫ માંથી ૩ સભ્યોએ રાજીનામા આપ્યા છે : ૬ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી થશે**

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૮ સમિતિઓની પુનઃરચના તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં કરાયા બાદ હવે આ સમિતિઓની પ્રથમ બેઠક બોલાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આજે આ પ્રથમ બેઠક ૩૧મી ઓગષ્ટના રોજ બોલાવવાનો નિર્ણય લેવાયો છે. સવારે ૧૧ વાગ્યાથી આ બેઠકોનો સિલસિલો શરૂ થશે અને ૪ વાગ્યા સુધીમાં તે સંપન્ન કરી દેવામાં આવશે.

સમિતિઓની પ્રથમ બેઠકમાં નવા ચેરમેનોની નિયુક્તીનો એક માત્ર એજન્ડા જ રાખવામાં આવશે. સપ્ટેમ્બરથી પછી આ સમિતિઓ કાર્યરત થઈ જશે.

જિલ્લા પંચાયતની સમિતિઓની મુદત પણ ૨૨ ઓગષ્ટના રોજ પૂર્ણ થઈ રહી છે અને હવે નવી સમિતિઓ ૩૧મી ઓગષ્ટના રોજ પ્રથમ બેઠક મળતાં જ કાર્યરત થશે. જોકે આ પછી શીતળા

● અનુસંધાન પાન-૭ પર

# આવતીકાલથી ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનમાં કેચ-અપ રાઉન્ડ આરંભાશે

**કામગીરીને સુધારવા ૯૦ શાળાઓમાં આ કેચ-અપ રાઉન્ડ અંતર્ગત અભિયાનને રિ-શિડ્યુલ્ડ કરાયુ**

ગાંધીનગર, તા. ૨૧

ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને સઘન બનાવવા માટે તંત્ર દ્વારા ૨૩મી ઓગષ્ટથી કેચ-અપ રાઉન્ડ શરૂ કરવાનો નિર્ણય જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે ૯૦ શાળાઓમાં ૨૦ ટકા કરતાં પણ ઓછુ કવરેજ હતુ તેવી શાળાઓમાં આ કેચ-અપ રાઉન્ડ શરૂ કરવામાં આવશે. આ માટે ગત બે દિવસ દરમ્યાન તંત્રએ આખુ આયોજન તૈયાર કરી અને આખરી કરી દીધુ છે.

રાજયકક્ષાએ ૫૫ ટકા જેટલી જ કામગીરી સાથે જિલ્લો ૨૨મા ક્રમે આવ્યો હતો અને આ બાબતની ગંભીર નોંધ ટાસ્કફોર્સની બેઠકમાં લઈ અને આખુ આયોજન રિ શિડ્યુલ્ડ કરવાની સૂચના અપાઈ હતી. આ સૂચનાને પગલે તંત્રએ બે દિવસની મહેનતને અંતે આખુ આયોજન રિ શિડ્યુલ્ડ કરી આ કેચ-અપ રાઉન્ડ તૈયાર કરેલ છે.

આ કેચ-અપ રાઉન્ડ દરમ્યાન આરોગ્યતંત્રના અધિકારીઓ ગામડાઓ અને શાળાઓ તેમજ ગામડાના મહોલ્લા ખૂંદી વળશે તેમજ રસીકરણ અભિયાનમાં છુટી ગયેલા અથવા રહી ગયેલા બાળકોને આવરી લેવા વાલીઓ-શિક્ષકોને સમજાવી અભિયાનને આગળ ધપાવશે.

જિલ્લામાં બાળરોગના નિષ્ણાતો સાથે પણ મંત્રણાનો દોર ચાલી રહ્યો છે. આગામી એક બે દિવસમાં તે પણ આખરી થતાં ખાનગી બાળરોગ નિષ્ણાતોના ત્યાંથી પણ આ રસીકરણની રસી મફતમાં અપાશે તેમ આરોગ્ય તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

૫૫ ટકા કામગીરી જે જિલ્લા માટે શરમજનક કામગીરી કહી શકાય તેને વેગીલી બનાવવા માટે કડક તાકીદ કરાયા પછી તંત્રે હવે આ કેચ-અપ રાઉન્ડ શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

રાજય સરકારે પણ આ રસીકરણ અભિયાન સપ્ટેમ્બરની મધ્ય સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે તે પણ નોંધનીય છે.

# પ્રધાનમંત્રીના કાર્યક્રમ સંદર્ભે શહેરમાં પોલીસે બન્દોબસ્ત માટે રીહર્સલ કર્યુ

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં પણ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે સાંજે ૫ : ૧૫ કલાકે યોજનારા પદવીદાન સમારોહમાં પણ હાજરી આપશે.પ્રધાનમંત્રી તા ૨૩ ઓગષ્ટના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. ગુજરાતમાં વલસાડ , જુનાગઢ અને ગાંધીનગરની મુલાકાત લેશે. જયારે ૨૩ મી એ સવારે ૮ :૩૦ કલાકે દિલ્હીથી નિકળીને ૧૦:૧૫ કલાકે સુરત એરપોર્ટ પહોંચશે. જયારે ત્યાંથી ૧૦ : ૨૦ કલાકે વલસાડ જવા માટે હેલિકોપ્ટર મારફતે રવાના થશે. વલસાડમાં કાર્યક્રમ પુર્ણ થયા બાદ ૧૨ : ૩૦ કલાકે જુનાગઢ જવા માટે નિકળશે. જયાંથી બાયરોડ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ખાતે પહોંચશે. જુનાગઢથી ગાંધીનગર આવવા માટે નિકળશે. ગાંધીનગરમાં સાંજે ૫ : ૦૫ કલાકે હેલીપેડ પર ઉતરાણ કરી ૫ :૧૦ કલાકે સચિવાલય માટે બાયરોડ જવા રવાના થશે. જયારે ૫ : ૧૫ કલાકે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે એફ એસ એલના પદવીદાન સમારોહમાં હાજરી આપશે.

જયારે ૬ : ૪૦ કલાકે રાજભવન પહોંચશે. ૬ : ૪૦ થી ૭ : ૪૦ વાગ્યા સુધી બેઠકમાં હાજરી આપશે. જયારે રાત્રિ ભોજન બાદ ૮ : ૨૦ કલાકે રાજભવનથી બાયરોડ એરપોર્ટ જવા રવાના થશે. જયારે ૮ :૫૦ કલાકે એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી જિલ્લા પોલીસ તંત્ર પણ એલર્ટ મોડમાં છે. પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બન્દોબસ્ત રાખવામાં આવશે. આજે પી એમ ના બન્દોબસ્તને અનુલક્ષી રીહર્સલ પણ કરવામાં આવ્યુ હતુ.

# અમદાવાદમાં અટલજીની અંજલિ સભા

**વાજપેયીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે પ્રાર્થના સભા : સંતો-મહંતો, તમામ પક્ષોના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા : મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી, નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા, પરેશ ધાનાણી, શંકરસિંહ, કેશુભાઈ, સુરેશ મહેતા સહિત અનેક મહાનુભાવોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા**

અમદાવાદ, તા.૨૧

ગુજરાત રાજ્ય મંત્રીમંડળે ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપતો શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. બે મિનિટનું મૌન પાળી રાજયમંત્રીમંડળે વાજપેયી આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી હતી. પ્રાર્થના સભામાં રૂપાણીએ વાજપેયીની સિદ્ધિઓને રજૂ કરીને તેમના માર્ગદર્શન ઉપર ચાલવાની વાત કરી હતી. તા.૧૬ ઓગસ્ટના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન અટલ બિહારી વાજપેયીજીનું નિધન થયા બાદ તેમના માનમાં દેશભરમાં તેમને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પવાના ભાગરૂપે ભાજપ દ્વારા પ્રાર્થનાસભા યોજવામાં આવી રહી છે. જેના અનુસંધાનમનાં આજે અમદાવાદમાં પણ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ઓડિટોરિયમમાં (જીએમડીસી) પણ સ્વ.અટલજીની પ્રાર્થનાસભા યોજાઈ હતી.આ સર્વદલીય સાર્વજનિક પ્રાર્થના સભામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ઉર્જામંત્રી સૌરભ પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી

● અનુસંધાન પાન-૭ પર



# નર્મદા ડેમમાં હવે સિંચાઈ અને પીવા માટે એક વર્ષ ચાલે તેટલું પાણી


**ઉપરવાસમાં સારા વરસાદથી ડેમમાં પૂરતું પાણી : નવા નીરની આવકથી નર્મદા ડેમ જળસપાટી ૧૧૫.૦૫ મીટરથી પણ ઉપર પહોંચી**

અમદાવાદ,તા.૨૧

ગુજરાતના ખેડૂતો અને જનતા માટે સારા સમાચાર છે. નર્મદા ડેમમાં ગુજરાતને સિંચાઈ અને પીવા માટે એક વર્ષ સુધી ચાલે તેટલા પાણીનો સંગ્રહ થઈ ગયો છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ નર્મદા ડેમની જળસપાટી ૧૧૫.૫ મીટર પર પહોંચી ગઈ છે. તો, ડેમમાં ૩૦ હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ઉપરવાસના સારા વરસાદ અને નવા નીરના કારણે ડેમમાં પૂરતા પાણીનો સંગ્રહ થતાં બીજીબાજુ, રાજય સરકાર અને તંત્રએ પણ રાહતની લાગણી અનુભવી હતી. કારણ કે, નર્મદા ડેમમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ બનતાં ગુજરાતનું જળસંકટ જાણે હવે દૂર થયું છે. બે મહિના પહેલા નર્મદા ડેમની જળસપાટી ગંભીર અને ચિંતાજનક હદે નીચી ઉતરી ગઈ હતી અને જો રાજયમાં સારો વરસાદ ના થાય તો, ગુજરાતમાં પાણીનું ભયંકર જળસંકટ ઉભુ થાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ચોમાસાની સીઝનમાં પણ શરૂઆતના તબક્કામાં સારા વરસાદ બાદ મેહુલિયો ત્રણથી ચાર સપ્તાહ સુધી ખેંચાઈ ગયો હતો અને

● અનુસંધાન પાન-૭ પર


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



બેસણું
અમારા પૂજ્ય પિતાશ્રી ડૉ.અરૂણકુમાર બી.વ્યાસાનું દુઃખદ અવસાન તા. ૧૯/૦૮/૨૦૧૮ના રોજ થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૩/૦૮/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : ઉમિયા ભવન, ગેટ નં.૩, બલરામ ભવનની બાજુમાં, સેક્ટર-૧૨, ગાંધીનગર
રૂપલ પરેશ વ્યાસા
મોનિકા પલક વ્યાસા
તથા સમસ્ત વ્યાસા પરિવાર
લિ.
સરોજ અરૂણકુમાર વ્યાસા
(ધર્મપત્ની)
ડૉ. પરેશ એ.વ્યાસા
પલક એ.વ્યાસા
તન્વી નિહાર વ્યાસ
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે. લિ. સ્વ. મધુસુદન બી. શાહ, વિજય બી. શાહ



હવે,
શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com